ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૭/૨૩-૨૪/ 918 તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભીલ વનાભાઈ દુલાભાઈ,**
**નાના ખુંટવડાના કેડા ઉપર,**
**મું.છાપરી,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૦૭/૨૩-૨૪

**મો.નં-૯૮૯૮૬ ૪૨૦૯૪**

**વિષય : ખેતીવાડીનું નવું વિજ કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૩૧/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૩/૦૪/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૩-૨૪/૭૩૮ તા.૧૨/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૩-૨૪/૭૪૨ તા.૧૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૮/૦૪/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, **મહુવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૭/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી વનાભાઈ દુલાભાઈ ભીલ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૮/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી વનાભાઈ દુલાભાઈ ભીલ (વાદી ગેરહાજર)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી. વસાણી,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વનાભાઈ દુલાભાઈ ભીલ, મું.છાપરી, તા.મહુવા, જી.ભાવનગરની ખેતીવાડીનું નવું વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૭/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૩–૨૪/૭૩૮ તા.૧૨/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૮/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી વનાભાઈ દુલાભાઈ ભીલ ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે **શ્રી એસ.બી. વસાણી,નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા,**ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના ગામ–છાપરીમાં નાના ખુંટવડાના કેડે ખેતીવાડી ધરાવે છે.

૧.૨ અરજદારની ખેતીવાડીમાં મોટર માટે વિજ કનેકશનની જરૂરીયાત હોવાથી તેઓએ વિજ કચેરી, મહુવા રૂરલ–૨ માં નોર્મલ વારા એસ.પી.એ નું વિજ કનેકશન માટે તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં ભરેલ.

૧.૩ ત્યારબાદ, ક્રમ પ્રમાણે અરજદારનો વારો આવ્યાથી કર્મચારી સર્વે મોજણી કરવા આવેલ ત્યારે કાચો કુવો હોવાથી બુરાઈ ખભળી ગયેલ તેથી તેઓએ વિજ કર્મચારીને જણાવેલ કે બોર કરાવીને કચેરીમાં જાણ કરશું છતાં, કચેરીમાંથી તા.૨૪/૦૫/૨૦૨૨ નો નં–૨૦૬૧ નો પત્ર આવેલ. જી.પી.નં–૭૬૬૭ મળેલ ત્યારે બોર બનાવવાનું કામ ચાલુ હતું. બોર ચાલુ થયા બાદ અરજદાર તા.૦૬/૦૬/૨૦૨૨ ના અરજી આપેલ. ઈન્વર્ડ

PGVCL Bhavnagar

નં–૨૯૯ લગાડી અરજી સ્વીકારેલ. ત્યારબાદ, અવારનવાર કચેરીમાં ફરીયાદ કરેલ કે, બોર તૈયાર થઈ ગયેલ છે. સર્વે કરાવી કવોટેશન આપી કવોટેશન આપો તો, જુ.ઈ ચુડાસમા એ જણાવેલ કે, વારા પ્રમાણે આવશે. કચેરીમાં ધકકા ખાવા નહી. હાલ, નવ મહિના કરતા વધારે સમય થયેલ છે. તો, આપ સાહેબ મારી ફરીયાદનો અભ્યાસ કરાવી, કવોટેશન આપવા હુકમ કરવા બેદરકાર ઉપર પગલા લેવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ઉપરાકેત વિષય અનુસંધાને આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, ભીલ વનાભાઈ દુલાભાઈ દ્વારા ખેતીવાડી નોર્મલ વારાનું વિજ કનેકશન માટે સર્વે કરાવી, કવોટેશન આપવા બાબતની ફરીયાદ કરેલ હોય, જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અરજદાર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ નવું ખેતીવાડી વિજ કનેકશન માટે અંગેની મહુવા ગ્રામ્ય પેટાવિભાગ–૨ કચેરીએ રૂા.૨૦૦/– રજીસ્ટ્રેશનના ભરેલ હતા. તેના આધારે વારા પ્રમાણે અગ્રતા અનુસાર વારો આવતા સ્થળ સર્વે કરતા, સ્થળ ઉપર કુવો કે બોર કરેલ ન હતો તેના આધારે અરજદાર ને પત્ર નં – MHV/R-2/2061 dtd.24.05.2022 થી કુવો કે બોર કરી જાણ કરવા માટે નોટીસ આપેલ હતી. ત્યારબાદ, અરજદાર દ્વારા ઈન્વર્ડ નંબર–મહુવા રૂરલ–૨/ઈન્વર્ડ નં–૨૯૯ તા.૦૬/૦૬/૨૦૨૨ થી અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીમાં કુવો કે બોર કરાવેલ છે અને સર્વે કરાવી કવોટેશન આપવા અરજી આપેલ. સદર રજૂઆતના આધારે તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ સ્થળ સર્વે કરવા માટે મહુવા ગ્રામ્ય પેટા વિભાગ –૨ કચેરીના કર્મચારી શ્રી એસ.એમ.કુરેશી (લાઈનમેન) સ્થળ પર ગયેલ હતા.

૨.૨ સ્થળ ઉપર અરજદાર પોતે હાજર હતા અને તેમની હાજરીમાં સર્વે કરતા અરજદારની વાડીમાં તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ પણ કોઈ કુવો કે બોર થયેલ નથી અને આજરોજ કુવો ગાળવાનું કામ શરૂ કરેલ હતું અને કુવો થતા હજુ ૧૫–૨૦ દિવસ થશે તે બાબત અરજદારે પોતે સહી કરેલ છે. આમ, હજુ સુધી અરજદારની વાડીમાં કુવો કે બોર થયેલ નથી.

૨.૩ આમ, સદર અરજદાર દ્વારા ફોરમ સમક્ષ ખોટી રજૂઆત કરી, ફોરમ તેમજ અત્રેની કચેરીને ગેરમાર્ગે દોરેલ છે.

૨.૪ સદર બાબતે અરજદારને યોગ્ય ઠપકો આપી, અરજદારની અરજી રદ કરવા હુકમ કરવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર વનાભાઈ દુલાભાઈ ભીલ ગામ–છાપરી, તા.મહુવા દ્વારા નવા ખેતીવાડી વિજ કનેકશનની કરેલ અરજી અંગે પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા લાંબા સમય બાદ પણ કનેકશન આપવામાં ન આવતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે સુનાવણી આજરોજ તા.૨૮.૦૪.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ છે. જેની જાણ વાદીને થયેલ છે. પરંતુ, વાદી હાજર રહેલ નથી. પ્રતિવાદીએ હાજર રહી લેખિત તેમજ મૌખિક રજૂઆત કરેલ છે.

Consumer Forum Bhavnagar

૩.૩ આ તબકકે ફોરમને જણાય છે કે, વાદી દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ નવું ખેતીવાડી કનેકશન મેળવવા અરજી કરેલ. જેના અનુસંધાને અગ્રતા ક્રમ પ્રમાણે તેમનો વારો આવતા સ્થળ સર્વે કરતા સ્થળ પર બોર કે કુવો કરેલ ન હોવાનું માલુમ પડેલ. જેને લઈને પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા પત્ર નં–૨૦૬૧ તા.૨૬/૦૬/૨૦૨૨ થી કુવો કે બોર કરી જાણ કરવા જણાવવામાં આવેલ. જે અંગે વાદી દ્વારા તેમની તા.૦૬/૦૬/૨૦૨૨ ની અરજીથી કુવો કર્યા હોવાની જાણ પ્રતિવાદીને કરેલ છે.

૩.૪ વાદીની તા.૦૬/૦૬/૨૦૨૨ ની અરજી બાદ આશરે ૧૦ માસ બાદ પ્રતિવાદી પીજીવીસીએલની કચેરી દ્વારા સ્થળ તપાસ વાદીની હાજરીમાં કરતા, કુવો કે બોર જોવા મળેલ ન હતો અને ૧૫–૨૦ દિવસમાં બોર કે કુવો થશે તેમ વાદીએ જણાવેલ.

૩.૫ ઉપરોકત વિગતો જોતાં સ્પષ્ટ થાય છે કે, વાદીએ તા.૦૬/૦૬/૨૦૨૨ ના રોજ અરજી કરવા છતાં પણ પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા લગભગ ૧૦ માસ બાદ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ સર્વે કરેલ છે. જે અક્ષમ્ય વિલંબ દર્શાવે છે. તદઉપરાંત, તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ સ્થળ ચકાસણી બાદ હજુ પણ પ્રતિવાદી દ્વારા વાદી ની અરજી કુવો/બોર ન હોવાથી રદ કરવાની પ્રક્રિયા કરવામાં આવેલ નથી. જેની ગંભીર નોંધ લેવામાં આવેલ છે.

૩.૬ આથી, હુકમ કરવામાં આવે છે કે, વાદીની હાલની જુની અરજી પ્રતિવાદી દ્વારા કેન્સલ કરવામાં આવેલ ન હોઈ, જો વાદી બોર કે કુવો કરી આપે તો અંદાજપત્ર પાઠવી કનેકશન આપવાની કાર્યવાહી કરવી. તેમજ સદર કેસમાં અક્ષમ્ય બેદરકારી દાખવી GERC ના નોર્મ્સ મુજબની કાર્યવાહી ન કરવા બદલ સંબંધિત નાયબ ઈજનેર સામે સખ્ત પગલા ભરી ફોરમને જાણ કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | (ગેરહાજર) | |
| **(શ્રીમતી જે.એમ.મહેતા)** | **(એન.આઈ.ઉપાધ્યાય)** | **(એન.સી.મકવાણા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૨૮/૦૪/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar